ISRO ભારતના અવકાશ મિશનમાં અગ્રણી હતું, છે અને હંમેશા રહેશે. હકીકતમાં ભારત સરકાર **ISRO**-આગેવાની હેઠળની રાષ્ટ્રીય અવકાશ ઈકોસિસ્ટમ વિકસાવી રહી છે. આનો અર્થ એ છે કે ખાનગી કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ અને **PSUs** હવે **ISRO** દ્વારા પહેલાથી જ નિપુણ બનેલી ટેકનોલોજીના મોટા પાયે ઉત્પાદનનું સંચાલન કરશે, જેમ કે નિયમિત ઉપગ્રહો અને લેગસી લોન્ચ વાહનો વગેરે.એકવાર ખાનગી ઉદ્યોગ નિયમિત કામગીરી સંભાળી લેશે, પછી **ISRO**ના વૈજ્ઞાનિકો તેમના પ્રયત્નોને આગામી સ્તરના પ્રયાસો માટે સમર્પિત કરશે. આમાં વર્ષ **2035** સુધીમાં ભારતનું પોતાનું અવકાશ મથક સ્થાપિત કરવું, વર્ષ **2040** સુધીમાં ચંદ્ર પર ભારતીય અવકાશયાત્રીને ઉતારવું, મંગળ અને શુક્ર જેવા સ્થળોએ ઊંડા અવકાશ મિશન હાથ ધરવા અને ફરીથી વાપરી શકાય તેવા પ્રક્ષેપણ વાહનો વિકસાવવાનો સમાવેશ થાય છે.ભારતનું સ્પેસ ઈકોનોમી હાલમાં **8.4** અબજ ડોલરની છે, જે **2033** સુધીમાં **44** અબજ ડોલર સુધી પહોંચવાનો ટાર્ગેટ છે. આટલું મોટું બજાર ફક્ત **ISRO**ના સંસાધનો પર આધાર રાખીને મેળવી શકાય નહીં. **2020**માં જ્યારે ફક્ત થોડા જ સ્ટાર્ટ-અપ્સ હતા, ત્યારે આજે ભારતમાં **450** થી વધુ સ્પેસ સ્ટાર્ટ-અપ્સ કાર્યરત છે. ખાનગી ક્ષેત્ર **ISRO**નું સ્થાન લઈ રહ્યું નથી પરંતુ ભારતને સ્પેસ સુપરપાવરમાં પરિવર્તિત કરવા માટે તેની સાથે સહયોગ કરી રહ્યું છે. જેમાં મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત તમામ પ્રોજેક્ટ્સ પર નિયંત્રણ સંપૂર્ણપણે સરકાર અને **ISRO**ના હાથમાં રહેશે.

પરમિશન વિના હોર્મુઝમાં જહાજ પ્રવેશ કરશે તો બેન લગાવીશું : ઈરાન

ઈરાનની હવે દક્ષિણ કોરિયાને કડક ચેતવણી

(એજન્સી) તહેરાન,
ઈરાન અને અમેરિકા વચ્ચે ફારસની ખાડીમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. આ સ્થિતિ વચ્ચે ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવ મોહસિન રેઝાઈએ રવિવારે એક મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે આગામી દિવસોમાં હોર્મુઝ સ્ટ્રેટ બહાર એક નવો પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવામાં આવશે. આ નવો વિસ્તાર અમેરિકન નૌસેનાની બ્લોકેડ લાઈનથી શરૂ થઈને ફારસની ખાડીના કેટલાક ભાગો સુધી વિસ્તરેલો હશે. રેઝાઈના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ વિસ્તારમાં પ્રવેશ કરનાર કોઈપણ જહાજને ઈસ્લામિક રિપબ્લિકની પ્રતિબંધિત યાદીમાં સામેલ કરી દેવામાં આવશે.મોહસિન રેઝાઈએ દાવો કર્યો હતો કે હોર્મુઝ સ્ટ્રેટ હાલમાં 'સંપૂર્ણપણે બંધ' છે. તેમણે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એ દાવાને 'મોટુ જૂઠ' ગણાવ્યું હતું જેમાં જળમાર્ગ ખુલ્લો હોવાનું કહેવાયું હતું. હાલમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી દરરોજ માત્ર સાતથી આઠ જહાજો જ પસાર થઈ રહ્યા છે, જેમાંથી પાંચથી છ જહાજો તો ઈરાન માટે જરૂરી સામાન લઈને આવી રહ્યા છે. આ ઉપરાંત, અમેરિકા ક્યારેક ઓમાન પાસેથી પસાર થતા એક રસ્તેથી પાંચ-છ જહાજોને આગળ જવાની પરવાનગી આપે છે, પરંતુ આ જહાજોને પણ અવારનવાર નિશાન બનાવવામાં આવે છે.હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર માટે ઓમાન સાથે જે નકશાઓ પર સંમતિ બની છે, તેના પર આગામી દિવસોમાં હસ્તાક્ષર કરવામાં આવશે. આ પગલાથી ઈરાન અને ઓમાન વચ્ચે જહાજોના માર્ગને લઈને બનેલી વ્યવસ્થાને ટૂંક સમયમાં ઔપચારિક રૂપ મળશે.

બીજી તરફ, અમેરિકન ટ્રેઝરી સચિવ સ્કોટ બેસેન્ટે દાવો કર્યો છે કે ઈરાન પાસે આશરે ૩ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ બચ્યું છે જે ચીને હજુ સુધી ખરીદ્યું નથી અને અમેરિકન નાકેબંધીના કારણે તેહરાન આ ઓઈલની સપ્લાય નહીં કરી શકે.

આ તણાવ વચ્ચે ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ-બઘેર ગાલીબાફે અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે 'ખૂબ મોડું થઈ જાય તે પહેલાં અમેરિકા સમજી લે કે ઈરાન સાથેના સંઘર્ષના નિયમો હવે બદલાઈ ચૂક્યા છે.'

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના દેશોને ચેતવણી આપી છે કે જે દેશો ઈરાનને મદદ કરશે તેમણે ભારે પરિણામો ભોગવવા પડશે. આ વૈશ્વિક દબાણ વચ્ચે ઈરાને હવે ખુલ્લેઆમ દક્ષિણ કોરિયા(રિપબ્લિક ઑફ કોરિયા)ને ચેતવણી આપી છે કે જો તેણે પર્સિયન ગલ્ફમાં અમેરિકાના સૈન્ય અભિયાનોને સમર્થન આપ્યું તો તેના ગંભીર પરિણામો આવી શકે છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વિગતવાર પોસ્ટ શેર કરીને દક્ષિણ કોરિયાને પોતાની સૈન્ય ગતિવિધિઓથી દૂર રહેવા સ્પષ્ટ સંકેત આપ્યો છે. પોતાની પોસ્ટમાં ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું હતું કે: ઈરાન અને કોરિયા ગણરાજ્ય વચ્ચેના સંબંધો ૬૪ વર્ષથી પણ વધુ જૂના છે અને બંને દેશો વચ્ચેના સંબંધો હંમેશાં પરસ્પર સન્માનના આધારે વિકસિત થયા છે. ઈરાન, કોરિયા સાથેના પોતાના મૈત્રીપૂર્ણ સંબંધોને ઘણું મહત્ત્વ આપે છે.

જોકે, હાલમાં ઈરાનના લોકો અમેરિકાની આક્રમક કાર્યવાહીઓનો સામનો કરી રહ્યા છે. આવા સંજોગોમાં જ્યારે તેઓ મહિલાઓ અને બાળકો સામેના અમેરિકી યુદ્ધ અપરાધોનો મક્કમતાથી જવાબ આપી રહ્યા છે, ત્યારે પર્સિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટમાં અન્ય કોઈપણ દેશની સૈન્ય હાજરી કે ત્યાંના મિલિટરી ઓપરેશન્સમાં ભાગીદારીને સીધા આક્રમણકારોનો સાથ આપવા સમાન જ ગણવામાં આવશે અને તેના અત્યંત ગંભીર પરિણામો આવશે.' ઈરાની પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું હતું કે કોઈપણ સાર્વભૌમ અને જવાબદાર રાષ્ટ્રે અમેરિકાના દબાણ અને ધમકીઓ સામે ઝૂકવું ન જોઈએ.

તેમણે જણાવ્યું કે અન્ય દેશોએ ઈરાની પ્રજા વિરુદ્ધ અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલી આક્રમક સૈન્ય કાર્યવાહીઓ અને ભયાનક અપરાધોમાં ભાગીદાર બનવાથી બચવું જોઈએ.

નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલના ગઠબંધન દ્વારા ઈરાન પર હુમલાની શરૂઆત કરવામાં આવી હતી, જેને હવે ૬ મહિનાથી વધુ સમય વીતી ચૂક્યો છે. અમેરિકા સતત હુમલાઓ કરી રહ્યું છે, જ્યારે ઈરાન પણ આક્રમક પ્રતિકાર કરી રહ્યું છે. તાજેતરમાં જ ઈરાને અમેરિકાના બે યુદ્ધ તોપો પર બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી, જેના જવાબમાં અમેરિકી દળોએ ક્રૂડ ઓઈલ લઈ જઈ રહેલા ઈરાનના ૩ જહાજોને નિશાન બનાવ્યા હતા.

હિન્દુ માત્ર ધર્મ નહીં, જીવન અને દુનિયાને સમજવાનો દૃષ્ટિકોણ છે : ભાગવત

(એજન્સી) લંડન,
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે લંડનમાં એક સભાને સંબોધિત કરતાં 'હિન્દુ' શબ્દ અને તેની સભ્યતાના સારને ખૂબ જ સરળ અને ઊંડાણપૂર્વક સમજાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કહ્યું કે, હિન્દુને માત્ર એક ધર્મ અથવા કોઈ ચોક્કસ ભૂગોળની સીમામાં બાંધીને જોઈ શકાય નહીં. હકીકતમાં, હિન્દુ એક વ્યાપક સાંસ્કૃતિક અને સભ્યતાગત ઓળખ છે. આ જીવન, અસ્તિત્વ અને સમગ્ર દુનિયા સાથેના આપણા સંબંધને સમજવાનો એક ખાસ દૃષ્ટિકોણ છે. લંડનના એક કાર્યક્રમમાં ભાગવતે કહ્યું કે, ભારતીય અને હિન્દુ વિચારધારાની સૌથી મોટી તાકાત એ માનવું છે કે વિવિધતા અને એકતા બંને એકસાથે રહી શકે છે.

તેમણે સમજાવ્યું કે દુનિયામાં અલગ-અલગ લોકો, વિચારો અને સંસ્કૃતિઓ હોવી ખૂબ સ્વાભાવિક છે. આ બધા તફાવતો ખરેખર એક જ મૂળ સત્યના અલગ-અલગ રૂપ અને શણગાર છે. ભાગવતે ભારપૂર્વક કહ્યું કે આપણે બહારની વિવિધતાને સ્વીકારતા ક્યારેય એ ભૂલવું જોઈએ નહીં કે અંદરથી આપણે બધા એક છીએ. સંઘ પ્રમુખે દુનિયામાં વધી રહેલા ટકરાવો અંગે વાત કરતાં કહ્યું કે, જ્યારે માણસ બીજાને દુશ્મન માનવાનું બંધ કરી દે છે, ત્યારે વિવાદો સરળતાથી ઉકેલી શકાય છે. કોઈને દબાવવા, હરાવવા અથવા પોતાની વિચારધારા થોપવાને બદલે સમાજે સાથે મળીને આગળ વધવાનો રસ્તો શોધવો જોઈએ. તેમણે કહ્યું કે મૂળભૂત રીતે માણસની જરૂરિયાતો અને લક્ષ્યો એકસરખા છે, તેથી સવાલ એ ન હોવો જોઈએ કે બીજાને કેવી રીતે પાછળ રાખવો, પરંતુ એ હોવો જોઈએ કે સૌ સાથે મળીને સામાન્ય લક્ષ્યો કેવી રીતે હાંસલ કરી શકાય.મોહન ભાગવતે આ સામાન્ય માન્યતાને પણ નકારી કાઢી કે એકતા માટે સૌનું એકસરખું દેખાવું અથવા વિચારવું જરૂરી છે. તેમણે કહ્યું કે, હિન્દુ સભ્યતા સૌને એક જ બીબામાં ઢાળવાનો પ્રયાસ નથી કરતી, કારણ કે એકતા માટે એકરૂપતાની જરૂર જ નથી. વિવિધતાને ખુલ્લા દિલથી સ્વીકારવી એ જ હિન્દુ સ્વભાવની સૌથી મોટી ખાસિયત છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે હિન્દુ વિચારધારા કોઈ એક નક્કી કરેલા માર્ગ પર ચાલવાનું દબાણ કરતી નથી અને ન તો બીજાને બદલવાની હિમાયત કરે છે. અલગ-અલગ પરંપરાઓનું સન્માન કરવું અને સૌની સાથે શાંતિથી મળીને રહેવું એ જ તેનો મૂળ વિચાર છે.

ડૉક્ટરો પર હુમલો કરનારા નેતાઓને જેલમાં નાંખો : સુપ્રીમ

(એજન્સી) મુંબઈ,
સુપ્રીમ કોર્ટે સોમવારે મહારાષ્ટ્રમાં રાજકીય પક્ષોના સભ્યો દ્વારા ડૉક્ટરો સાથે થતી મારામારીની વધતી ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે સરકારને કડક સૂચના આપી છે કે ડૉક્ટરો પર હુમલો કરનારા આવા રાજકારણીઓની તાત્કાલિક અટકાયત કરવામાં આવે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાની એક હૉસ્પિટલમાં શિવસેના નેતાઓ દ્વારા ડૉક્ટરો અને અન્ય કર્મચારીઓ સાથે કરવામાં આવેલી મારામારીના બીજા જ દિવસે આવી છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના રવિવારે વહેલી સવારે રિલીફ હૉસ્પિટલમાં બની હતી. દહી હાંડી ઉત્સવ દરમિયાન ઘાયલ થયેલા એક વ્યક્તિને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવાના મુદ્દે હૉસ્પિટલના પેસેજમાં અચાનક વિવાદ અને હંગામો શરૂ થયો હતો.

હૉસ્પિટલના એક કર્મચારી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, શિવસેનાના જિલ્લા પ્રમુખ કુંદન સંખે, શહેર પ્રમુખ રાહુલ ઘરત અને અન્ય લોકો હૉસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ઘૂસી ગયા હતા અને ડૉક્ટરો સાથે બહેસ કરવા લાગ્યા હતા. સ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે પાર્ટીના કેટલાક સભ્યો હૉસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં પણ જબરદસ્તી ઘૂસી ગયા હતા.

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે જ્યારે એક રિસેપ્શનિસ્ટે વચગાળાનો રસ્તો કાઢવા અને બચાવ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે એક આરોપીએ તેને થપ્પડ મારી દીધી હતી. આ ઉપરાંત, બચાવ કરવા આવેલી એક મહિલા કર્મચારીને પણ ધમકી આપવામાં આવી હતી. પાલઘર પોલીસે આ મામલે કડક વલણ અપનાવતા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના જૂથના સભ્યો સહિત ઓછામાં ઓછા ૧૭ લોકો સામે એફઆઈઆર નોંધાવી છે.

ડૉક્ટરો પર હુમલાની આ કોઈ પહેલી ઘટના નથી. આ અગાઉ આવા જ એક કિસ્સામાં કલ્યાણની એક નાગરિક હૉસ્પિટલમાં શિવસેનાના એક કોર્પોરેટર પર ડૉક્ટરો સાથે મારામારી કરવાનો આરોપ લાગ્યો હતો. તે મામલે પોલીસે આરોપી રમેશ મ્હાત્રે વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

"સેફટેક એવોર્ડ્સ-૨૦૨૬" નો મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સંતવૃંદ દ્વારા શુભારંભ

અમદાવાદ,
મુંબઈની સુપ્રસિદ્ધ તાજ હોટેલ ખાતે કિંગ્સ એક્સ્પો મીડિયા લિમિટેડ દ્વારા 'સેફટેક એવોર્ડ્સ-૨૦૨૬' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ વિશ્વ સત્સંગ સમ્રાટ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના આશિર્વાદ સહ સંતવૃદ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓશ્રીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.

કિંગ્સ એક્સ્પો મીડિયા લિમિટેડના ડાયરેક્ટર શ્રી એન. કે. ગુપ્તા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પધારેલ મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના મહંત સદ્‌ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, મુંબઈ મંદિરના મહંત સંત શિરોમણી શ્રી દિવ્યદર્શનદાસજી સ્વામી તથા મુંબઈ ફાયર એન્ડ સેફ્ટી ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીશ્રીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મુકતજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસક્યુ ટીમ દ્વારા છેલ્લાં ૨૮ વર્ષોથી ઘણાં બધાં કુદરતી આપત્તિ વખતે નિઃસ્વાર્થભાવે સમાજસેવાના કાર્યો કરી રહ્યા છે. કિંગ્સ એક્સ્પો મીડિયા લિમિટેડ ટીમ દ્વારા આયોજિત આ એવોર્ડ સમારોહમાં દેશના ખૂણે-ખૂણેથી ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજનીય સંતોએ આશિર્વાદમાં સમાજ અને દેશની સુરક્ષા માટે નિષ્ઠાપૂર્વક સેવા આપતા તમામ એવોર્ડ વિજેતા ફાયર ફાયટર્સ તથા આયોજક ટીમને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

બિલ્ડિંગનો માલિક જ નહીં, તંત્ર પણ ૭ મોત માટે જવાબદાર : હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી,
દિલ્હીના પ્રતિષ્ઠિત સાઉથ કેમ્પસ પાસે આવેલા સત્ય નિકેતન વિસ્તારમાં તાજેતરમાં બનેલી ભયાનક દુર્ઘટનાએ સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે બોય્ઝ પીજી તરીકે વપરાતી બે ઈમારતો અચાનક ધરાશાયી થતાં ૭ વિદ્યાર્થીઓના મોત નીપજ્યા છે, જ્યારે કાટમાળમાંથી ૧૨ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. આ મામલે દિલ્હી હાઈકોર્ટે તંત્રની ઝાટકણી કાઢી છે.

કોર્ટે કહ્યું કે, આ ઘટના માટે માત્ર બિલ્ડિંગનો માલિક જ નહીં, પરંતુ નિયમોનું પાલન કરાવવામાં નિષ્ફળ રહેલું મ્યુનિસિપલ કોર્પોરેશન પણ એટલું જ જવાબદાર છે.

દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી PIL પર સુનાવણી કરતાં ચીફ જસ્ટિસની બેન્ચે દિલ્હી સરકાર, કેન્દ્ર સરકાર, MCD, દિલ્હી પોલીસ, દિલ્હી યુનિવર્સિટી અને નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનને નોટિસ પાઠવી છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે તેઓ દિલ્હી સરકાર, કેન્દ્ર અને MCD તરફથી હાજર રહેશે. કોર્ટે આ ઘટનાને અત્યંત દર્દનાક અને કમનસીબ ગણાવી હતી અને કેસની આગામી સુનાવણી ૨૯ સપ્ટેમ્બરે નિયત કરી છે. સુનાવણી દરમિયાન કોર્ટે ટકોર કરી હતી કે બહારના રાજ્યોમાંથી દિલ્હી ભણવા આવતા યુવાનો માટે DU પાસે પૂરતા હોસ્ટેલની વ્યવસ્થા નથી, જેના કારણે વિદ્યાર્થીઓએ નાછૂટકે અસુરક્ષિત ખાનગી પીજીમાં રહેવું પડે છે. કોર્ટે MCDને ઉચ્ચ સ્તરે તપાસ કરવાનો આદેશ આપ્યો છે કે ધરાશાયી થયેલી ઈમારત પરવાનગી સાથે બની હતી કે નહીં. કોર્ટે અવલોકન કર્યું કે પીજી માલિકો મંજૂરી વિના વધારાના માળ બાંધી દે છે. મંજૂરી કદાચ ૨ માળની હોય અને બિલ્ડિંગ ૭ માળનું ખડકી દેવામાં આવે છે, જે આવી હોનારતોનું મુખ્ય કારણ બને છે. હાઈકોર્ટે MCDને સમગ્ર દિલ્હીમાં ચાલતા PG હોસ્ટેલોનું તાત્કાલિક ઓડિટ કરવાનો નિર્દેશ આપ્યો છે.

બીપીએલ રાશન કાર્ડ ધારકોને ઝટકોઃ ચોખાના ક્વોટામાં ઘટાડો

હવે દર મહિને 3KGની જગ્યાએ મળશે ૧ કિલો ચોખા

(એજન્સી) નવી દિલ્હી,
રાજ્યમાં રાશન કાર્ડ ધારકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. પૂરવઠા વિભાગની નવી જાહેરાતથી બીપીએલ કાર્ડ ધારકોને ઝટકો લાગ્યો છે.

ગુજરાતમાં બીપીએલ કાર્ડ ધારકોને હવે મહિનામાં ત્રણ કિલોની જગ્યાએ માત્ર ૧ કિલો ચોખા મળશે. આ પહેલાં ૩ કિલો ચોખા અને બે કિલો ઘઉં આપવાની જાહેરાત થઈ હતી, જેમાં હવે ઘટાડો કરી દેવામાં આવ્યો છે.

ગુજરાતમાં BPL રેશન કાર્ડ ધારકો જે દર મહિને સસ્તા અનાજની દુકાનમાંથી રાશન લે છે તેના માટે મોટો નિર્ણય લેવાયો છે. હવે દર મહિને ત્રણ કિલો ચોખાની જગ્યાએ માત્ર એક કિલો ચોખા મળશે.

કેન્દ્ર સરકારની સૂચના બાદ એક કિલો ચોખા, બે કિલો ઘઉં અને બે કિલો બાજરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ અંગે વાત કરતા ફેર પ્રાઈસ શોપ લાઈસન્સ હોલ્ડર એસોસિએશનના પ્રમુખ પ્રહ્લાદ મોદીએ જણાવ્યું કે સરકાર તરફથી યોગ્ય સ્પષ્ટતા ન થતાં ગ્રાહકોની દુકાનદારો સાથે તકરાર થાય છે. તેમણે જણાવ્યું કે અનાજ ન હોય તો એક મહિનો વિતરણ બંધ કરવું જોઈએ. પૂરવઠા વિભાગ દ્વારા ચોખાના વિતરણમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જ્યારે હવે વ્યક્તિદીઠ બે કિલો બાજરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પહેલા એક કિલો બાજરી આપવામાં આવતી હતી, જેને વધારી બે કિલો કરવામાં આવી છે.

Disclaimer

"Readers are requested to verify and make appropriate inquiries to satisfy themselves about the veracity of an advertisement before responding. The Publisher, Printer, Owner, or Editor of **WESTERN TIMES** does not vouch for the authenticity of any advertisement or advertiser's products/ services. This includes the accuracy of any financial results or figures provided by the Directors of listed or unlisted companies. Readers must independently verify all details. In no event can the publication be held liable for any damages or claims arising out of these advertisements."

પશ્ચિમ રેલવે
રાજકોટ ડિવિઝન

પોઈન્ટ્સના સ્થળાંતરના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/03R૨ તારીખ : ૦૩.૦૯.૨૦૨૬
(i) કામનું નામઃ GSECL સાઈડિંગ, સીક્કા ખાતે પોઈન્ટ્સ નં. ૧૫૦, ૧૫૧ અને ૧૫૨ ના સ્થળાંતરના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૪૩,૯૧,૧૫૫.૯૫/- **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ ૮૭,૮૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૨૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TRD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in RJT-136

અમને ફોલો કરો: X x.com/WesternRly

યુનિફોસ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ
સીઆઈએનઃ L24219GJ1969PLC001588
નોંધણીકૃત કાર્યાલયઃ ૧૧,જી.આઈ.ડી.સી., વાપી ૩૯૬૧૯૫, જિ.વલસાડ, ગુજરાત,ભારત
ટેલિફોનઃ +૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬ | ઈમેઈલઃ uel.investors@upl-ltd.com | વેબસાઈટઃ www.uelonline.com

ભૌતિક સિક્યોરિટીઝના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઈઝેશન માટે ખાસ વિન્ડો

SEBI ના પરિપત્ર નં.**HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026** તારીખ 30 જાન્યુઆરી, 2026, પરિપત્ર નં. **SEBI/HO/MIRSD/MIRSD-PoD1/P/CIR/2025/97** તારીખ **2 જુલાઈ, 2025** ("SEBI પરિપત્ર") સાથે વાંચવા મુજબ, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ **1 એપ્રિલ, 2019** પહેલા ટ્રાન્સફર ડીડ અમલમાં મૂકાયેલ હોય તેવા ભૌતિક શેરના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઈઝેશન માટે એક વર્ષની ખાસ વન-ટાઈમ વિન્ડો પ્રદાન કરી છે.આ વિન્ડો **5 ફેબ્રુઆરી, 2026 થી 4 ફેબ્રુઆરી, 2027** સુધી ખુલ્લી રહેશે.

૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં અમલમાં મુકાયેલા ટ્રાન્સફર ડીડ ધરાવતા રોકાણકારો, જેમાં નવા લોજમેન્ટ કેસ અને ટ્રાન્સફર વિનંતીઓનો સમાવેશ થાય છે જે અગાઉ નકારવામાં આવ્યા હતા, પરત કરવામાં આવ્યા હતા અથવા ખામીઓને કારણે ધ્યાન વગર રહ્યા હતા, ઉપરોક્ત સ્પેશિયલ વિન્ડો દરમિયાન ટ્રાન્સફર અને ડિમટીરિયલાઈઝેશન માટે તેમની વિનંતીઓ સબમિટ અથવા ફરીથી સબમિટ કરી શકે છે. લાયક રોકાણકારો સેબી પરિપત્ર હેઠળ નિર્ધારિત જરૂરી દસ્તાવેજો સાથે કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, **MUFG ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ** સમક્ષ તેમની વિનંતીઓ નોંધાવી/ફરીથી નોંધાવી શકે છે. ઉપરોક્ત સુવિધા અનુસાર ટ્રાન્સફર કરાયેલી સિક્યોરિટીઝ ફક્ત ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં ટ્રાન્સફર કરનારને જમા કરવામાં આવશે અને સેબી પરિપત્ર અનુસાર ટ્રાન્સફરની નોંધણીની તારીખથી એક વર્ષના લોક-ઈન સમયગાળાને આધીન રહેશે. વધુ વિગતો માટે, રોકાણકારો સેબી પરિપત્રોનો સંદર્ભ લઈ શકે છે અથવા કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, **MUFG ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ**નો સંપર્ક કરી શકે છે.

રજિસ્ટ્રાર ટુ એન ઈશ્યુ અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA) વિગતો: MUFG Intime India Private Limited, યુનિટ: Uniphos Enterprises Limited C-101, Embassy 247, L.B.S. Marg, Vikrolli (West), Mumbai - 400083, મહારાષ્ટ્ર, ભારત, ટેલિફોન નંબર: 18001020878, ઈ-મેલ: investor.helpdesk@in.mpms.mufg.com વિગતવાર માર્ગદર્શિકા કંપનીની વેબસાઈટ https://UelOnline.com પર પણ ઉપલબ્ધ છે.

યુનિફોસ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ વતી
સહિ
અમિત જૈન
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર
(ACS-37744)

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૪મી સપ્ટેમ્બર ૨૦૨૬

MEHUL TELECOM LIMITED
Regd. Off : 506-507, R.K. World Tower, Shital Park, 150 Ft Ring Road,
Rajkot Raiya Road, Rajkot, Gujarat, India, 360007
CIN : U46524GJ2023PLC141259
Ph. : 0281-2991223 • Web Site : mehultelecom.com • E mail : info@mehultelecom.com

NOTICE OF 3rd ANNUAL GENERAL MEETING, EVOTING INFORMATION, BOOK CLOSURE AND RECORD DATE

1. Notice is hereby given that the 03rd Annual General Meeting of Members of MEHUL TELECOM LIMITED will be held at registered office situated at Office No.506-507, R.K. World Tower, Shital Park, 150 Ft Ring Road, Rajkot Raiya Road, Rajkot, Gujarat, India, 360007 on Wednesday 30TH September, 2026 at 10.00 A. M. to transact the Businesses, As set out in the Notice dated 07th September 2026 in compliance with the applicable provisions of the Companies Act, 2013 and rules farmed there under and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Notice of AGM, Annual Report and Attendance Slip has been sent in Electronic Mode to all Members in the Permitted Mode. The above documents are also available on the Company's Website- **www.mehultelecom.com.**

2. Dispatch of Annual Report through E-mail Only:
Members may note that the Annual Report of the Company for the Financial Year 2025-26 along with Notice convening the AGM has been sent only through email to all those Members whose email addresses were registered with the Company/RTA or with their respective Depository Participant(s) (DP) as on the date 04.09.2026, in accordance with the MCA Circulars and Circular No.SEBI/ HO/CFD/CMD1/CINP/2020/79 dated May 12, 2020, January 15, 2021, May 13, 2022 and January 5, 2023 issued by SEBI. Further, Members holding shares in physical form and who have not yet registered/updated their email address are requested to update their Mail Id by submitting forms given at the website of the Company **www.mehultelecom.com.**

3. Remote E voting Information:
In compliance with provisions of section 108 of the Companies Act, 2013 read with rules made there under as amended from time to time and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 the Company is pleased to provide members facility to exercise their right to vote at the Annual General Meeting (AGM) by electronic means through e-Voting Services provided by National Securities Depository Limited (NSDL). All members are informed that

1) The businesses as stated in the Notice of 03rd AGM will be transacted through voting by electronic means;
2) The e-voting period commences as on Friday, 25th September 2026 (9 a.m.) and ends on Tuesday, 29th September 2026 (5 p.m.).
3) The cut-off date for determining the eligibility to cast vote by electronic means is September 18, 2026.
4) A person who is not a Member as on the Cut-off date should treat this notice for Information purpose only. The persons who acquire shares and become members of the Company after dispatch of the Notice of AGM through Email and holding shares as on the cut-off date i.e. September 18, 2026 may obtain Login Id and Password by sending a request on or before September 18, 2026 at evoting@nsdl.co.in or info@mehultelecom.com and may cast their votes by following the instructions and process of e-voting as provided in the Notice of AGM.
5) In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section o www.evoting.nsdl.com or call on toll free no.: 1800 1020 990 and 1800 22 44 30 or send a request to at evoting@nsdl.co.in.
6) The members may note that: (a) once the e-vote on resolution is cast by members, they shall not be allowed to change it subsequently; (b) The members who have cast their vote by remote e-voting may also attend physical AGM but shall not be entitled to cast their vote again.

4. Book Closure and Record Date:
Pursuant to Regulation 42 and 60 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and Section 91 of the Companies Act, 2013 and the applicable Rules there under the Register of Members and Share Transfer Books of the Company will remain closed from Wednesday, 23rd September, 2026 To Wednesday, 30th September, 2026 (Both Days Inclusive) for the purpose of AGM and cut-off date (record date) is 18th September 2026.

The said notice is also available on website of stock exchanges **www.bseindia.com** and on company's website **www.mehultelecom.com.**

Date : 07th September, 2026
Place : Rajkot

by Order & behalf of the Board of Directors
for MEHUL TELECOM LIMITED.
Sd/-
RICHIE DRUMIL VANDRA
COMPANY SECRETARY& COMPLIANCE OFFICER

તિરૂપતિ સર્જન લિમિટેડ
રજી. ઓફિસ : A-11,12,13, સત્યમેવ કોમ્પ્લેક્સ, ગુજરાત હાઇકોર્ટ સામે, એસ.જી. હાઇવે, અમદાવાદ-380060. ફોન: 079-4891 3751
સીઆઈએન: L45100GJ1995PLC024091 | ઈ-મેઇલ: cs.tirupatisarjan@gmail.com | વેબસાઇટ: www.tirupatisarjan.com

નોટિસ

આથી સૂચના આપવામાં આવે છે કે તિરુપતિ સર્જન લિમિટેડની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સાંજે ૦૪:૦૦ વાગ્યે યોજાશે. કંપની અધિનિયમ, 2013 ની લાગુ જોગવાઈઓ અનુસાર અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા 8 એપ્રિલ, 2020 ના રોજ જારી કરાયેલ પરિપત્ર નં. 14/2020, કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા 13 એપ્રિલ, 2020 ના રોજ જારી કરાયેલ પરિપત્ર નં. 17/2020, ત્યારબાદ 5 મે, 2020 ના રોજ જારી કરાયેલ પરિપત્ર નં. 20/2020, 15 જૂન, 2020 ના રોજ સામાન્ય પરિપત્ર નં. 22/2020, 28 સપ્ટેમ્બર, 2020 ના રોજ સામાન્ય પરિપત્ર નં. 33/2020, 31 ડિસેમ્બર, 2020 ના રોજ સામાન્ય પરિપત્ર નં. 39/2020, 13 જાન્યુઆરી, 2021 ના રોજ પરિપત્ર નં. 02/2021, પરિપત્ર નં. ૨૧/૨૦૨૧ તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૨ તારીખ ૦૫ મે, ૨૦૨૨ અને પરિપત્ર નં. ૧૦/૨૦૨૨ તારીખ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨, પરિપત્ર નં. ૦૯/૨૦૨૩ તારીખ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩, પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ તારીખ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪, પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ અને સેબી પરિપત્ર નં. SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૫ જાન્યુઆરી, ૨૦૨૩ અને સમયાંતરે જારી કરાયેલા અન્ય તમામ સંબંધિત પરિપત્રો (સામૂહિક રીતે 'પરિપત્રો' તરીકે ઓળખાય છે), જેથી AGM બોલાવતી નોટિસમાં દર્શાવેલ વ્યવસાયોને સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના વ્યવહાર કરી શકાય.

ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં, સૂચના રોજ જાહેર કરાયેલા પરિપત્રો અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલની સૂચના ઇલેક્ટ્રોનિક માધ્યમથી ફક્ત તે સભ્યોને મોકલવામાં આવી છે જેમણે ડિપોઝિટરીઝમાં અથવા કંપનીમાં પોતાનો ઈ-મેલ આઇડી નોંધાવ્યો છે. ૩૧મી વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ ની સૂચના કંપનીની વેબસાઇટ www.tirupatisarjan.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com પર ઉપલબ્ધ છે અને વાર્ષિક સામાન્ય સભાની સૂચના નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની વેબસાઇટ https://www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૨ અનુસાર, કંપનીની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા, જે બુધવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે (IST) વિડીયો કોન્ફરન્સ ("VC")/અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ("OAVM") દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે યોજાવાની છે, તેના હેતુ માટે, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

ઈ-વોટિંગ માટેની સૂચનાઓ:
કંપનીએ કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને તેના હેઠળ બનાવેલા સંબંધિત નિયમો અને સેબી (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન - ૪૪ ની જોગવાઈઓનું પાલન કરીને તેના સભ્યોને રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી છે. કંપનીએ તેના તમામ સભ્યોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે NSDL ને અધિકૃત એજન્સી તરીકે નિયુક્ત કર્યા છે.

જે વ્યક્તિનું નામ કટ-ઓફ તારીખ એટલે કે મંગળવાર, 22 સપ્ટેમ્બર 2026 ના રોજ સભ્યોના રજિસ્ટર અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલું છે તે જ રિમોટ ઈ-વોટિંગની સુવિધા તેમજ સામાન્ય સભામાં મતદાન કરવાનો હકદાર રહેશે. રિમોટ ઈ-વોટિંગ સુવિધા ત્રણ (3) દિવસ માટે ખુલ્લી રહેશે, જે રવિવાર, 27 સપ્ટેમ્બર 2026 ના રોજ સવારે 09:00 વાગ્યે શરૂ થશે અને મંગળવાર, 29 સપ્ટેમ્બર 2026 ના રોજ સાંજે 05:00 વાગ્યે સમાપ્ત થશે, બધા સભ્યો માટે, ભલે તેઓ ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા હોય કે ડિમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં. રિમોટ ઈ-વોટિંગ સુવિધા ઉપરોક્ત તારીખ અને સમય પછી માન્ય રહેશે નહીં. જે સભ્યો VC/OAVM સુવિધા દ્વારા AGM માં હાજરી આપે છે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર મતદાન કર્યું નથી અને અન્યથા તેમને આમ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા નથી, તેઓ AGM દરમિયાન મતદાન સુવિધા દ્વારા મતદાન કરવા માટે પાત્ર રહેશે.

સભ્યો રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાનના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ મીટિંગમાં ભાગ લઈ શકે છે પરંતુ મીટિંગ દરમિયાન ફરીથી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. રિમોટ ઈ-વોટિંગ સુવિધા અને AGM દરમિયાન મતદાન માટેની વિગતવાર સૂચનાઓ AGM ની સૂચનાનો ભાગ છે.

નોટિસ મોકલ્યા પછી કંપનીના શેરધારક બનનાર અને કટ-ઓફ તારીખ સુધી શેર ધરાવનાર કોઈપણ વ્યક્તિ AGM ની સૂચનામાં આપેલી સૂચનાઓ અને ઈ-વોટિંગ પ્રક્રિયાને અનુસરીને પોતાનો મત આપી શકે છે. જે સભ્યોના ઈમેલ આઈડી ડિપોઝિટરી અથવા કંપનીમાં નોંધાયેલા નથી તેમના માટે ઈ-વોટિંગ માટે લોગિન ઓળખપત્ર મેળવવા માટેની પ્રક્રિયા.

- ભૌતિક સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો cs.tirupatisarjan@gmail.com પર ઇમેઇલ દ્વારા નામ, ફોલિયો નંબર, PAN અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલો જેવી જરૂરી વિગતો આપીને લોગિન ઓળખપત્રની વિનંતી કરી શકે છે.
- DEMAT સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો cs.tirupatisarjan@gmail.com પર ઇમેઇલ દ્વારા DEMAT એકાઉન્ટ વિગતો, સભ્યનું નામ, ક્લાયન્ટ માસ્ટર, PAN અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલો આપીને લોગિન ઓળખપત્રની વિનંતી કરી શકે છે.
- વૈકલ્પિક રીતે, શેરધારકો ઉપરોક્ત દસ્તાવેજો પ્રદાન કરીને ઈ-વોટિંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટે evoting@nsdl.co.in પર વિનંતી મોકલી શકે છે.

જે સભ્યોએ પોતાનું ઈમેલ આઈડી રજીસ્ટર કરાવ્યું નથી તેમને કંપની તરફથી ઈ-કોમ્યુનિકેશન મેળવવા માટે નીચે જણાવેલ પ્રક્રિયા અનુસરીને તેનું રજીસ્ટર કરાવવા વિનંતી છે:

- ભૌતિક રીતે શેર ધરાવતા સભ્યોને તેમના ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવવા માટે ફોલિયો નંબર, સભ્યનું નામ અને પાન કાર્ડ અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ જેવી જરૂરી વિગતો સાથે cs.tirupatisarjan@gmail.com પર ઇમેઇલ મોકલવા વિનંતી છે.
- ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યોને ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવવા માટે તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીનો સંપર્ક કરવા વિનંતી છે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને શેરધારકો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો અથવા ટોલ ફ્રી નંબર: 1800 1020 990 અને 1800 22 44 30 પર કૉલ કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર વિનંતી મોકલી શકો છો.

ફોર તિરુપતિ સર્જન લિમિટેડ
એસડી/-
રુચિર ઋષિકેશભાઈ પટેલ
વ્હોલટાઇમ ડિરેક્ટર
ડીઆઈએન:03185133

તારીખ: 07, સપ્ટેમ્બર 2026
સ્થળ: અમદાવાદ